# જિનવાણી પ્રચારક ટ્રસ્ટ

59/2, બેન્ક ઓફ ઇન્ડિયા બિલ્ડિંગ, 185, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઇ-2

તા. 15 ડિસેમ્બર 2004

## વિષય : તથાકથિત ધાર્મિક નાટકોની અધાર્મિકતા

સુજ્ઞશ્રી,

વર્તમાનમાં જૈન ધર્મ પાળતા સમાજમાં ધાર્મિક નાટકો, ફિલ્મો, સિરિયલો વિગેરેને અનુલક્ષીને જે વિવાદ ચાલી રહ્યો છે તે બાબતમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનાચાર્યોએ સમાજને જે ઉપયોગી માર્ગદર્શન આપ્યું છે, તેનું સંકલન કરીને તૈયાર કરેલી એક નાનકડી પુસ્તિકા આપના અભ્યાસ અને અવલોકનાર્થે મોકલું છું. આ પુસ્તિકાનું વાંચન કરીને આપ તેમાં વર્ણવેલા મુદ્દાઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરશો તેવી આશા છે.

આપ આ પુસ્તિકાના કોઇ પણ ભાગનું આપના સામાયિકમાં પ્રકાશન કરવા માંગતા હોવ તો તે લખાણમાં અમારી પ્રકાશક સંસ્થાના નામનો ઉલ્લેખ પણ કરવા વિનંતી છે. આ પુસ્તિકાનું આપના દ્વારા અવલોકન કરવામાં આવશે તો અમે જે હેતુથી પુસ્તિકા પ્રગટ કરી છે, તે હેતુ સાર્થક થશે, એમ અમને જણાય છે.

આપના સહકારની અપેક્ષા સાથે,

સંજય વોરા (સંકલનકાર)

# તથાકથિત ધાર્મિક નાટકોની અધાર્મિકતા

# ગીતાર્થ ગુરુ ભગવંતોનું માર્ગદર્શન

સંકલન : શ્રી સંજય કાન્તિલાલ વોરા

પ્રકાશક: શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ

# પ્રકાશકીય નિવેદન

શ્રી જૈન સંઘમાં ધાર્મિક નાટકો અને ફિલ્મો દ્વારા થનારાં નુકસાનો વિષે જે ગંભીર ચિંતા પેદા થઈ છે, તે બાબતમાં શ્રી સંઘના ગીતાર્થ ગુરુ ભગવંતોનું જે અમૂલ્ય માર્ગદર્શન અમને પ્રાપ્ત થયું છે, તેને સકળ શ્રી જૈન સંઘના લાભાર્થે રજૂ કરતા અમે આનંદ અનુભવીએ છીએ.

આ પ્રકારનાં નાટકો અટકાવવામાં ભિન્ન ભિન્ન ગચ્છના તેમ જ ભિન્ન ભિન્ન સમુદાયોના પૂજ્ય આચાર્ય ભગવંતો અને શ્રમણ ભગવંતોએ અથાક મહેનત કરી હતી, જેના પરિણામે જ આ પ્રકારની અનિષ્ટ પ્રવૃત્તિઓ ઉપર હાલ પૂરતી રોક લાગી ગઈ છે, પણ ભવિષ્યમાં આ પ્રકારની પ્રવૃત્તિઓ ફરી માથું ઊંચકે તેવી તમામ સંભાવનાઓ રહેલી જ છે. માટે જ આ વિષયમાં સકળ શ્રી જૈન સંઘે કાયમ માટે સતર્ક રહેવાની જરૂર છે.

આ પુસ્તિકા દ્વારા આ ગંભીર પ્રશ્ન બાબતમાં સમગ્ર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે સંગઠિત બની જે કાર્યવાહી શરૂ કરી છે, તેની અમે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ. આ પુસ્તિકા વિષે કોઈ પણ સૂચનો હોય તો નિઃસંકોચ અમને લખી જણાવવા નમ્ર વિનંતી છે.

લિ. શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ


## પ્રાપ્તિસ્થાનો :

મુંબઈ : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ,59/2, બેન્ક ઓફ ઈન્ડિયા બિલ્ડિંગ, 185, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ- 2.

સુરત : શ્રી વિજયરામચંદ્રસૂરિજી આરાધના ભવન, સુભાષ ચોક, ગોપીપુરા, સુરત, પિનઃ 395001

અમદાવાદ : શ્રી વિજયદાનસૂરિજી જ્ઞાનમંદિર, ટંકશાળ પાસે, કાલુપુર રોડ, અમદાવાદ, પિનઃ 380 001

પાલિતાણા : શ્રી નંદ પ્રભા પ્રસાદ, તળેટી રોડ, પાલિતાણા, પિન : 364 270.

## લાભાર્થી :

શાહ નગીનદાસ કકલદાસ અજબાણી પરિવાર,
ધાનેરા, જિલ્લા બનાસકાંઠા;
હાલઃ ચંદનબાળા, વાલકેશ્વર, મુંબઈ.

મૂલ્યઃ રૂપિયા 5/-

પ્રાસ્તાવિકમ્

# ધર્મસુધારણાના ઓઠા હેઠળ ચાલતી ધર્મદ્રોહી પ્રવૃત્તિ બંધ થવી જ જોઇએ

ત્રિભુવનપ્રકાશ પરમાત્મા મહાવીરદેવ દ્વારા સ્થાપિત વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસન સામે વર્તમાનકાળમાં જે અનેક આક્રમણો જોવા મળે છે, તેમાં આધુનિક શિક્ષણ લઇને શ્રદ્ધાહીન બનેલા કેટલાક તથાકથિત જૈનોએ શરૂ કરેલી કહેવાતી સુધારાવાદી પ્રવૃત્તિઓ મુખ્ય ચિંતાનો વિષય છે. આ માર્ગ ભૂલેલા આત્માઓ પોતે તો શ્રદ્ધાથી ભ્રષ્ટ થયેલા જ છે, પણ આ દુષમકાળમાં પરમાત્માના શાસનના પ્રભાવે લાખો આત્માઓ જે ઉલ્લાસપૂર્વક ધર્મપ્રવૃત્તિઓ કરી રહ્યા છે, એ પવિત્ર અનુષ્ઠાનો તેમની આંખમાં કણાની જેમ ખૂંચે છે. પોતાની આ મિથ્યામતિને પ્રભાવે પશ્ચિમી વિચારોથી રંગાયેલા આ પુણ્યશાળીઓને દાનધર્મ, વિરતિ ધર્મ, શાસન પ્રભાવનાના આયોજનો, સાધર્મિક વાત્સલ્ય, પરમાત્મભક્તિના ઉન્મેષમાં બંધાતા ભવ્ય જિનાલયો, ઉપાશ્રયો વગેરે બધામાં દૂષણો જ દેખાય છે.

આવા મહામંગલકારી, સર્વકલ્યાણકર અનુષ્ઠાનોને પોતાના લેખો દ્વારા, ભાષણો દ્વારા, નાટકો અને સિનેમા દ્વારા ઉતારી પાડવાની એક પણ તક આ કહેવાતા બુદ્ધિજીવીઓ છોડતા નથી. આ બધી જ ધર્મદ્રોહી પ્રવૃત્તિઓ તેઓ ધર્મમાં સુધારણાને નામે અને ક્રાંતિને નામે કરે છે, જેને કારણે ઊંડી સમજણ નહીં ધરાવતા કેટલાક ધર્માત્માઓ પણ તેમની વાતોમાં ખેંચાઇ જાય છે અને તેમની ધર્મશ્રદ્ધા નબળી પડી જાય છે. આ તથાકથિત સુધારકોએ વર્તમાનકાળમાં નાટકો, ફિલ્મો, ટીવી સિરિયલો વગેરે મનોરંજનનાં માધ્યમોનો ઉપયોગ પોતાના દૂષિત અને પ્રદૂષિત વિચારોના પ્રચાર માટે કરવા માંડ્યો છે. બાળજીવો આવાં તથાકથિત મનોરંજનનાં સાધનો તરફ સહેલાઇથી આકર્ષાઇ જતાં હોવાથી વર્તમાન કાળમાં આ માધ્યમોનો દુરુપયોગ શાસનપ્રેમી સૌકોઇ આત્માઓ માટે મોટી ચિંતાનો વિષય બન્યો છે.

વર્તમાન કાળમાં જે રીતે ધાર્મિક તરીકે ખપાવાતાં નાટકો, ફિલ્મો, ટીવી સિરિયલો, વિડિયો કેસેટો અને સીડીનો પ્રચાર વધી રહ્યો છે તે જોતા આ પ્રકારના માધ્યમોની ધર્મશાસન અને ધર્મશ્રદ્ધાળુ વર્ગ ઉપર થતી અસરો વિષે ગંભીરતાથી વિચારવાનો સમય પાકી ગયો છે, એવું ઘણાને ઘણા સમયથી પ્રતીત થતું હતું. ત્યાં મુંબઇ શહેરમાં 'અંધી દૌડ' નામનું ધર્મની ઠેકડી ઉડાડતું નાટક

અટકાવવામાં નહીં આવે તો તેનાથી વર્તમાનમાં અને ભવિષ્યમાં ખૂબ જ માઠાં પરિણામો આવવાની શક્યતા છે. તમામ ધર્મપ્રેમી આત્માઓએ આવી અનિષ્ટ પ્રવૃત્તિ ક્યાંય પણ ચાલતી હોય તો પોતાનું સત્ત્વ ફોરવી તેને અટકાવવાનો પુરૂષાર્થ કરવો જોઇએ.

મોહનલાલજી મહારાજ સમુદાયના

ગચ્છાધિપતિશ્રી વિજયચિદાનંદસૂરિજી મહારાજા

જૈન શાસનમાં દેવ-ગુરૂની આશાતના કરનારને બહુ મોટું પાપ માનવાની આજ્ઞા છે. 'વીતરાગ સ્તોત્ર 19 માં પ્રકાશમાં 4 થા શ્લોકમાં ફરામાવ્યું છે કે,

' વીતરાગ સપર્યાયાસ્તવાજ્ઞા પાલનં પરમ્

આજ્ઞાડડ રાધ્ધા વિરાધ્ધા ચ, શિવાય ચ ભવાય ચ !'

અર્થ : વીતરાગની પૂજા કરતાંય આજ્ઞા પાળવી પરમ ઉચ્ચ છે. વીતરાગની આરાધનાથી મોક્ષ અને વિરાધનાથી સંસાર વૃદ્ધિ થાય છે'

સારાંશમાં જેમ કુમારપાળ રાજાના સમયમાં આવા નાટકનો ખૂબ વિરોધ થયો હતો તેમ હાલમાં જાણવા પ્રમાણે 'અંધી દૌડ' નાટક ભજવવાનું તાકીદે બંધ કરવું જરૂરી છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી સમુદાયના

ગચ્છાધિપતિશ્રી વિજયરત્નાકરસૂરીશ્વરજી મહારાજા

કેવો સમય આવ્યો છે! સાધુ વર્ગ અને શ્રાવક વર્ગમાં શાસન પ્રતિ લગની-વફાદારી થોડી ઘણી રહીછે. બાકી સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતા આવતી જવાના કારણે આવું બધું થવા પામે છે. સાધુ વેષનો આશ્રય લઇને જે નાટક ભજવવામાં આવે છે તે તરીકો ગલત છે. એમાં અમારો વિરોધ છે. સાધુ વેષ ભજવતાં પહેલાં શ્રાવકો ઉદયન મહામંત્રીનું જીવન વાંચી લે. એક ચારણ - ભાટમાં ખુમારી હતી એ આજે અમારા સુશ્રાવકોમાં નથી રહી માટે મારો અનુરોધ છે, યુગરાજજી નાટકમાં જૈન સાધુ વેષનાં પાત્રો બંધ કરે.

અહીં થાણામાં આદીશ્વરજી મંદિરની પ્રતિષ્ઠા વખતે નાની બાલિકાને સાધ્વીનો વેષ પહેરાવીને સ્ટેજ ઉપર લાવ્યા હતા. મને ખબર પડી. મેં સખત વિરોધ કરીને અટકાવી દીધેલ. એ પ્રસંગ હતો અંજનશલાકાનો. અશોક ગેમાવત સંગીતકાર હતા. એમણે પણ આ વાતનો વિરોધ કર્યો હતો. પંજાબમાં પણ આવું થોડુંક અજ્ઞાનના કારણે ચાલતું હતું, પણ માર્ગદર્શનથી અટકી જાય છે. આપણે સજાગ હોઇશું, એકતા રહેશે તો આપણને જરૂર સફળતા મળશે.

કચ્છ વાગડ સમુદાયના ગચ્છાધિપતિશ્રી

વિજયકલાપ્રભસૂરીશ્વરજી મહારાજા

'અંધી દૌડ'' માં ઘણાં પ્રસંગો વાંધાજનક છે જે ત્યાગી વર્ગને અને સર્વવિરતિધર આત્માઓને ખરાબ ચિતરવારૂપ છે. નાટકો-સિનેદશ્યોથી બાળકોમાં કુસંસ્કારો રોપાય છે જેથી નાટકો-સિને દશ્યોમાં ઉચ્ચ ધાર્મિક પાત્રો ન જ આવવા જોઇએ. અન્યથા ઘોર

આશાતના-પાપરૂપ થાય છે. ભારતીય નાટકો -સિને દશ્યોમાં ભારતીય સંસ્કૃતિના આદર્શોને અનુરૂપ નિયમો કરવા જોઈએ. મર્યાદાવિરુદ્ધ દશ્યો ન જ ભજવી કે મુકી શકાય.

જિનાજ્ઞા પાલક શ્રાવક સંઘને જણાવવાનું કે જેમને જિનાજ્ઞા શું છે તેનું જ્ઞાન નથી, પરમાત્મા અરિહંત, મહાત્મા નિર્ગ્રન્થ સાધુ પુરૂષ છે અને સર્વજ્ઞ વીતરાગ કથિત ધર્મ કોને કહેવાય તેની જાણકારી નથી તેવા લોકો સમાજને સાચી દોરવણી આપવા અને જાગૃત કરવાના દાવા સાથે નાટક, સિનેમા, ટી. વી. સીરીયલ વિગેરેના માધ્યમથી ધાર્મિક બાબતોમાં અને તત્ત્વોમાં મનઘડંત કલ્પનાઓ પ્રમાણે જે પ્રચાર-પ્રસારનાં કાર્યો કરે છે, તેનાથી ધર્મપ્રેમી જનતા સાવધાન રહે.

'અંધી દૌડ'' નાટકના નામે લોકોને, શ્રદ્ધાહીન અને ભક્તિહીન બનવા પ્રેરતી જે બાબતો દેખાડવામાં આવે છે તે ખરેખર ધાર્મિક લોકોની લાગણીને આઘાત પહોંચાડનારી છે. ધર્મ-શાસ્ત્રોથી વિરુદ્ધ આવા નાટકોનો વિરોધ કરવા અને જનતા તે ખોટા માર્ગે દોરવાઈ ન જાય તે માટે યોગ્ય પ્રયત્ન કરવા સકળ સંઘની ફરજ છે.

<u>ગચ્છાધિપતિશ્રી પ્રદ્યુમ્નવિમલસૂરિજી મહારાજા</u>

મહાપુરૂષોના જીવન ચરિત્રો ઉપર જે લોકો નાટક ભજવે છે તેનો વિરોધ સમસ્ત જૈન સંઘ અને અન્ય સર્વે સજ્જનોએ અવશ્ય કરવો જ જોઈએ. આવા કથિત ધાર્મિક નાટકો બંધ થવા જ જોઈએ. મારો આમાં સંપૂર્ણ સહયોગ છે. એવા નાટકો ન ભજવે તેવી તેઓને શાસનદેવો સારી બુદ્ધિ આપે. નાટકો દ્વારા સાધુના વેશ પૂર્વે પણ જ્યારે ભજવાતા ત્યારે આપણા પૂર્વાચાર્યો ચારિત્રના પ્રભાવે સુક્ષ્મ શક્તિ દ્વારા એવા તો ચમત્કાર કરતા કે જિંદગી પર્યન્ત કોઈ નટ આવું કરવાનું સાહસ ન કરે. આજે તો આપણા સર્વેના સમુહબળ દ્વારા આ શક્ય છે. સમસ્ત શાસનમાંથી આનો વિરોધ થવો જ જોઈએ.

<u>આચાર્યશ્રી વિજયજિનચન્દ્રસૂરિજી મહારાજા</u>

અનેક વર્ષોથી ધાર્મિક નાટકો ભજવવા ધંધાદારી તત્ત્વો પ્રયત્નો કરતા આવ્યા છે. ધર્મના નામે પૈસા ભેગા કરવાનું કામ એ જ એક અધર્મ છે. તેના કારણે ધાર્મિક સિદ્ધાંતોને સીધું નુકસાન પહોંચે છે, એવું માનનારા સુયોગ્ય વ્યક્તિઓએ હંમેશા વિરોધ કરીને તેવાં નાટકોને અટકાવવાનું કામ આજ સુધી કર્યું છે.વર્તમાનકાળમાં વારંવાર આવા પ્રયત્નો વધવા માંડ્યા છે ત્યારે સકલ સંઘને ગીતાર્થ ગુરુ ભગવંતોનું સત્ય માર્ગદર્શન મળે અને તેના દ્વારા સકલ શ્રીસંઘ ધર્મ તત્ત્વોની-સિદ્ધાંતોની રક્ષા કરનારો બને તે સ્તુત્ય છે.

<u>આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મહારાજા</u>

શાસ્ત્ર અને પરંપરા વિરુદ્ધના કોઈ પણ કાર્ય માટે અનુમોદના હોય જ નહીં.જૈન શાસનની લઘુતા દેખાય તેવા કાર્યના વિરોધ માટેની આપણા બધાની નૈતિક ફરજ છે. તેમને સદ્‌બુદ્ધિ મળે એજ અભ્યર્થના.

<u>આચાર્યશ્રી વિજયજિનેન્દ્રસૂરિજી મહારાજા</u>

નાટક એ મનોરંજનનું સાધન છે. તેમાંથી ગુણ વગેરેની પ્રાપ્તિ શક્ય નથી. એક

જ ટાંકીનું પાણી સંડાસના નળમાં આવે છે, ત્યારે તે બગડેલું ગણાય છે. તેમ નાટક એ ધર્મનું સ્થાન નથી તેથી સારી બાબત પણ ફળ ન આપી શકે. વર્તમાનમાં જગત ભોગ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે જનસમાજને ત્યાગના માર્ગે વાળી ગુણથી સુખ છે તેવું સમજાવવાનો અવસર છે. તેવે વખતે આવું સમજાવનાર દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધા તૂટી જાય તેવું વિકૃત સ્વરૂપ જગત સામે રજૂ કરવું એ જગતના જીવોને નુકસાન પહોંચાડવાનું કાર્ય છે. માટે કોઇ પણ હિસાબે આવાં નાટકો બંધ થવાં જ જોઇએ.

આચાર્યશ્રી વિજયઅશોકરત્નસૂરિજી મહારાજા

આ પ્રસંગ જોતાં શાસનની હીલના થઈ રહી છે અને સૌના મનમાં દુર્ભાવ થાય તેવા પ્રસંગો થાય છે. ઉપેક્ષા થાય તો મંદિરો અને સાધુ સાધ્વી પ્રત્યે જે ભાવ છે તે ન રહે. તો આવા પ્રસંગો તુરંત બંધ થવા જોઈએ.

આચાર્યશ્રી વિજયઅરવિંદસૂરિજી મહારાજા

'અંધી દૌડ'' નાટક વિષે વિગતો વાંચી. આવાં નાટકો બંધ થવાં જોઇએ. પરમાત્મા મહાવીર ભગવાન વિષે ફિલ્મ બને તે પણ ઉચિત નથી.

આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મહારાજા

જૈન ધર્મની પરંપરા મુજબ જૈન સાધુનું પાત્ર નાટકમાં ભજવવાનું અને સાધુવેષ ધારણ કરવાનું નિષિદ્ધ છે. જૈનેતર નાટ્યકાર આવું પાત્ર રાખે તો તેને સમજાવીએ તો તરત માની જાય અને કાઢી નાંખે, જ્યારે અહીં તો જૈન ગૃહસ્થ જ નાટક બનાવીને તેમાં સાધુનું પાત્ર ગોઠવે છે. સાધુનું પાત્ર હોય તે ધર્મલાભ બોલે, માઇક વાપરે, સોફા ઉપર બેસે આવું બધું બતાવવામાં આવે તે સાધુ પદની અવહેલનારૂપ છે. નાટકમાં આ બધું દેખાડવા પાછળ સાધુપદને ઉતારી પાડવાનો જ માત્ર આશય છે.

આચાર્યશ્રી વિજયહેમચન્દ્રસૂરિજી મહારાજા

આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મહારાજા

આવાં અનિષ્ટ તત્ત્વોને ડામવા માટે જે કંઇ કરવું પડે તે કરી છૂટવું જોઇએ.

આચાર્યશ્રી વિજયમુક્તિપ્રભસૂરિજી મહારાજા

ધર્મનો, ધર્મના નાયકોનો કે ધર્મના આરાધકોનો ધંધાર્થે ઉપયોગ એ ધર્મશાસ્ત્ર વિરુદ્ધ કાર્ય છે. તેનાથી લોકોત્તર મિથ્યાત્વ લાગવા પૂર્ણ સંભવ છે. શાસ્ત્રોમાં ઠેર ઠેર વાત આવે છે કે ધર્મની આરાધના કેવળ આત્માના કલ્યાણ માટે જ કરવી જોઇએ પણ આ લોક કે પરલોકના સુખોની પ્રાપ્તિ માટે કરવી જોઇએ નહીં. આજકાલ નાટકો વગેરે જે કંઇ ભજવાય તેમાં કામ કરનારા અને તે યોજનારા ટિકિટો વગેરે રાખીને મહાપુરૂષોનો અને તેમના જીવનપ્રસંગોનો ધંધાર્થે ઉપયોગ જ કરતા હોય છે. કદાચ કોઇ સેવાભાવથી કે ફ્રી ઓફ ચાર્જથી કરે તોય એ માર્ગ શરૂ થયા પછી ધંધાદારી સંસ્થાઓ પડેલા એ માર્ગનો દુરુપયોગ કર્યા વિના રહેતી નથી.

શ્રી વીતરાગાય નમઃ

પૂજનીય ગીતાર્થ શ્રમણ ભગવંતોનું સકળ શ્રી જૈન સંઘને

# અમૂલ્ય માર્ગદર્શન

વર્તમાન કાળમાં ધર્મના વિષયમાં અણસમજ કે વિપરીત સમજના કારણે વાસ્તવિક ધર્મ પ્રત્યે અરુચિ યા દ્વેષ ધરાવતા કેટલાક તત્ત્વો સમાજ સુધારણા કે સમાજ પ્રબોધનના ઓઠા નીચે જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો, જૈન ધર્મના પવિત્ર અનુષ્ઠાનો, જૈન સંસ્થાઓ અને એ સંસ્થાઓની જગત ઉપકારક પ્રવૃત્તિઓ પ્રત્યે જનમાનસમાં આદર કે પૂજયભાવ ઘટી જાય, નાસ્તિકતાને પુષ્ટિ મળે, ધર્મતત્ત્વને લોકો વખોડતા જાય, ગુરુતત્ત્વની નિંદા કરતા થાય અને દેવતત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા નષ્ટ થાય એવી પ્રવૃત્તિઓ નાટક, સિનેમા, ટી. વી. ધારાવાહિક આદિના માધ્યમથી કરતા થયા છે. ધર્મની ઊંડી સમજ નહિ ધરાવતો અમુક વર્ગ ભક્તિ પ્રભાવના કે જ્ઞાનપ્રસાર-પ્રચારના નામે આવા કાર્યોના પ્રભાવમાં ખેંચાય છે તેથી તેવી પ્રવૃત્તિના આયોજકોને પુષ્ટિ મળે છે. આવા અમુક નાટકો આદિમાં તો જૈન સાધુના પાત્રને પણ ભજવવામાં આવે છે અને તેનું અત્યંત વિકૃત આલેખન કરાતું જોવામાં આવે છે.

આ પ્રકારનાં નાટકો આદિ તૈયાર કરનારા અને તેને ભજવનારા કલાકારોને અમારો અનુરોધ છે કે ધાર્મિક જનતાની લાગણીને ભયંકર આઘાત પહોંચાડનારી તથા ધર્મના પવિત્ર અને પાયાના સિદ્ધાંન્તોને વિકૃત રૂપે રજૂ કરનારી આવી દુષ્પ્રવૃત્તિ કરતા તેઓ સત્વર અટકી જાય અને ધર્મ તથા ધર્મના ક્ષેત્રમાં થઈ ગયેલા પવિત્ર મહાપુરુષોની આશાતનાના પાપથી બચે. પરમતારક શ્રી તીર્થંકર પરમાત્માઓની આજ્ઞા મુજબ જીવન જીવતા ધર્માત્માઓના જીવન પર આધારિત નાટકો આદિ ભજવાય તે કોઈ પણ રીતે યોગ્ય નથી. એનાથી ધર્મનો પ્રચાર થવાની વાત તદ્દન અર્થશૂન્ય છે. નાટકો ધર્મપ્રચારના હેતુથી નહિ પણ મનોરંજન અને અર્થોપાર્જનના હેતુથી જ મુખ્યતયા ભજવાય છે. ધર્મ પ્રચારની વાત એક કેવલ છલના છે. ધર્મના ઓઠા નીચે વિષય કષાયને વધારવાના ઉપાયો છે. કોઈપણ ધર્મશ્રદ્ધા સંપન્ન આત્મા આવી પ્રવૃત્તિને ટેકો આપે જ નહીં. ઊલટું એ અનર્થકારી પ્રવૃત્તિને અટકાવવા પોતાનો શક્ય પુરુષાર્થ કરે જ. આવા ખેલ જ્યાં ભજવાતા હોય ત્યાં તેનો બહિષ્કાર અને અન્યને પણ તેમ કરવાની પ્રેરણા કરે, જેનાથી આવા પ્રકારના નાટકો વગેરે બનાવનારા અને ભજવનારા તેમની અનર્થકારી પ્રવૃત્તિથી પાછા ફરે. વધુમાં તેમને પણ સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય અને તેઓ સમાજનું તેમજ પોતાના આત્માનું પણ અકલ્યાણ કરતા અટકી મોક્ષમાર્ગની સાચી આરાધના કરી પરંપરાએ સિદ્ધિગતિને પ્રાપ્ત કરે તેવી અંતરની શુભાભિલાષા.

સહી / -

1. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મહારાજા
2. ગચ્છાધિપતિ આચાર્યશ્રી સૂર્યોદયસાગરજી મહારાજા
3. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજા
4. ગચ્છાધિપતિ આચાર્યશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજા
5. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજા

6. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયઅશોકરત્નસૂરીશ્વરજી મહારાજા
7. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયઅરવિંદસૂરીશ્વરજી મહારાજા
8. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયહેમભૂષણસૂરીશ્વરજી મહારાજા
9. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયરત્નાકરસૂરીશ્વરજી મહારાજા
10. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયચિદાનંદસૂરીશ્વરજી મહારાજા
11. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજા
12. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી મહારાજા
13. ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયકલાપ્રભસૂરીશ્વરજી મહારાજા
14. આચાર્ય ભગવંતશ્રી વિજયપદ્મચંદ્રસૂરીશ્વરજી મહારાજા
15. આચાર્ય ભગવંતશ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા
(આચાર્યશ્રી વિજયનેમિસૂરિજી સમુદાય)
16. આચાર્ય ભગવંતશ્રી વિજયજિનચંદ્રસૂરીશ્વરજી મહારાજા
17. આચાર્ય ભગવંતશ્રી વિજયવીરશેખરસૂરીશ્વરજી મહારાજા
18. આચાર્ય ભગવંતશ્રી વિજયપૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજા
19. આચાર્ય ભગવંતશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજા
(આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજી સમુદાય)
20. આચાર્ય ભગવંતશ્રી વિજયકનકશેખરસૂરીશ્વરજી મહારાજા
21. આચાર્ય ભગવંતશ્રી વિજયકલ્પંજયસૂરીશ્વરજી મહારાજા
22. આચાર્ય ભગવંતશ્રી વિજયનિત્યાનંદસૂરીશ્વરજી મહારાજા
23. આચાર્ય ભગવંતશ્રી વિજયકલ્પયશસૂરીશ્વરજી મહારાજા
24. આચાર્ય ભગવંતશ્રી વિજયઅમિતયશસૂરીશ્વરજી મહારાજા
25. આચાર્ય ભગવંતશ્રી મહાયશસાગરસૂરીશ્વરજી મહારાજા
(આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી સમુદાય)
26. આચાર્ય ભગવંતશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મહારાજા
(આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી સમુદાય)
27. આચાર્ય ભગવંતશ્રી વિજયકનકરત્નસૂરીશ્વરજી મહારાજા
(આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી સમુદાય)
28. આચાર્ય ભગવંતશ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા
(આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી સમુદાય)
29. આચાર્ય ભગવંતશ્રી વિજયસંયમરત્નસૂરીશ્વરજી મહારાજા
30. આચાર્ય ભગવંતશ્રી વિજયયોગતિલકસૂરીશ્વરજી મહારાજા
31. ગચ્છાધિપતિ આચાર્યશ્રી ગુણોદયસાગરજી મહારાજા (શ્રી અચલગચ્છ)
32. ગચ્છાધિપતિશ્રી વિજયજયંતસેનસૂરીશ્વરજી મહારાજા (શ્રી ત્રિસ્તુતિક સંઘ)
33. ઉપાધ્યાય ભગવંતશ્રી મણિપ્રભસાગરજી મહારાજા(શ્રી ખરતર ગચ્છ)
34. પંન્યાસ શ્રી રત્નાકરવિજયજી મહારાજા (આચાર્યશ્રી હિમાચલસૂરિજી સમુદાય)
35. ગણિ ભગવંતશ્રી યુગભૂષણવિજયજી મહારાજા
36. મુનિ ભગવંતશ્રી દિવ્યકીર્તિવિજયજી મહારાજા

# ધાર્મિક લાગણીનો ઉપહાસ

જૈન મુનિવરનો સાધુવેષ ધારણ કરીને, કોઇ નાટ્યકાર કે અભિનયકાર, નાટકના તખ્તા ઉપર કે સિનેમાના પડદા ઉપર દેખા દઇ શકે નહિ અને જો કોઇ તેમ કરવાની ભૂલ કરે તો તેને તેમ કરતાં અટકાવાય, એવી મર્યાદા ચાલુ હતી. એ મર્યાદાને લોપવાનો પ્રચાર કેટલાક કહેવાતા સુધારકો તરફથી ચાલુ હતો અને એથી એ મર્યાદામાં શિથિલતા આવ્યે જતી હતી.

પોતાની જાતને સુધારક તરીકે ઓળખાવનારાઓ, જયારે આપણે તેમની કોઇ પણ વાતનો વિરોધ કરતાં આપણીલાગણીને આગળ ધરીએ છીએ, ત્યારે એકદમ છેડાઇ પડે છે; અને તેમની પાસે વ્યાજબી બચાવ હોતો નથી, તેથી તેઓ ધાર્મિક લાગણીવાળા માણસોને ઘેલા ગણાવી દઇને સંતોષ માને છે. તેઓ અજ્ઞાન જનતાને પણ એવી રીતિએ ઉશ્કેરે છે કે, "આ લોકોને વાતવાતમાં 'ધર્મ ભયમાં છે' એવો પોકાર કરવાની કુટેવ પડી ગઇ છે."

ધાર્મિક લાગણીને અપમાનનારા, ધાર્મિક લાગણીને અવગણનારા અને ધાર્મિક લાગણીને કચડી નાખે એવા પ્રસંગોમાં દિવસે દિવસે ઝડપી ઉમેરો થતો જાય છે; અને એથી પણ ધાર્મિક લાગણી તરફ માન ધરાવનારાઓને વારંવાર એ તરફ ધ્યાન દોરવાનું કામ કરવું પડે છે.

એ વાતને જરા પણ લક્ષ્યમાં લીધા વિના, જનતા, ધાર્મિક લાગણીના નામે રજૂ કરાયેલી કોઇ વાત તરફ ધ્યાન આપે જ નહિ, એ જાતિનું વાતાવરણ સર્જવાનો પ્રયત્ન ધમધોકાર ચાલી રહ્યો છે અને એથી જ એમ કહી દેવામાં આવે છે કે આ લોકોને વાત વાતમાં 'ધર્મ ભયમાં છે' એવો પોકાર કરવાની કુટેવ પડી ગઇ છે.

વ્યાજબી વાત એ છે કે જેઓને ધર્મ કરવો ગમતો ન હોય અથવા ધર્મનો આદર ગમતો ન હોય, તેઓ પોતે ભલે ધર્મ કરે નહિ, પરન્તુ તેઓ બીજાઓને ધર્મ કરતાં અથવા ધર્મનો આદર કરતાં અટકાવવાની પ્રવૃત્તિ ન કરે એટલે બસ છે. આજે તો, ધર્મ કરતાં અથવા ધર્મનો આદર કરતાં અટકાવવાની પ્રવૃત્તિ કરનારાઓ, ધર્મ કરનારાઓને અથવા તો ધર્મ કરવાની ઇચ્છાવાળાઓને અનેક પ્રકારે જનદષ્ટિમાં હલકા પાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ ધર્મનાં સાધનોનો અને ધર્મનાં પ્રતીકોનો ઉપહાસ કરવા જેવાં કાર્યો કરે છે.

('જૈન પ્રવચન'માંથી સાભાર)

આચાર્યશ્રી વિજયકીર્તિયશસૂરિજી મહારાજા

આપણા પૂર્વપુરૂષો, સાધુઓ, સાધ્વીજીઓ, મહાપુરૂષો, મહાસતીઓ વગેરે આદરપાત્ર છે. તેમના જીવનની આદર-મર્યાદાને જાળવવા માટે તેમના જીવન વિષે નાટકો ન ભજવવાની પ્રથા ઉચિત છે. વિશેષ કરીને સ્ત્રીઓનાં ચરિત્રો ભજવતાં નાટકો કરવાથી ઘણા અનર્થોની પરંપરા ઊભી થાય છે. શાસ્ત્રોમાં એમના જીવનનું સ્મરણ કરવાની આજ્ઞા છે, એમના ગુણોનું અનુસરણ કરવાની આજ્ઞા છે પણ એ જીવનોને ભજવવાની આજ્ઞા મળતી નથી. ભરહેસર બાહુબલીની સજ્ઝાયમાં એમના નામગ્રહણથી પાપબંધ વિલય પામવાની વાત છે. તેમાં ક્યાંય તેમના જીવન વિષે નાટક ભજવવાની વાત નથી. જેટલાં પણ ધાર્મિક નાટકો લખાયાં છે તે બધાં ભજવવા માટે જ રચાયાં છે, તેમ નથી. સાહિત્યના અભ્યાસરૂપે પણ નાટકો લખાય છે. લેખિત રૂપે પણ નાટક આસ્વાદ્ય બને છે. તે માટે ભજવવાની જરૂર નથી.

આચાર્યશ્રી વિજયનયવર્ધનસૂરિજી મહારાજા

આદર્શભૂત આત્માઓનું આત્મદ્રવ્ય અતિ ઉત્તમ કોટિનું હતું જયારે તેમની પાત્ર ભજવણી કરવાવાળા લોકોનું આત્મદ્રવ્ય એવું ઉત્તમ ન હોવાનો પૂરો સંભવ છે. તેથી તે ઉત્તમ આત્માઓને નિમ્ન આત્માઓ સાથે સરખાવતાં ઉત્તમ આત્માઓની ગંભીર આશાતના થાય છે. આ પુણ્યપુરૂષોની પાત્રભજવણી કરવાવાળા લોકો તે પુણ્યપુરૂષો તેવાં તેવાં કાર્યો કરી ગયા તેવાં કાર્યો પણ કરી શકવાના નથી અને તેથીય આગળ વધીને તે પુણ્યપુરૂષોના જે ભાવો હતા તે ભાવો સુધી પહોંચવાનું તો તેમનું ગજું જ નથી. તેમ કરવામાં એક ભયંકર આશાતનાનો સંભવ છે.

આચાર્યશ્રી કલાપ્રભસાગરસૂરિજી મહારાજા(અચલગચ્છ)

'અંધી દૌડ''માં ઘણા પ્રસંગો વાંધાજનક છે, જે ત્યાગી વર્ગને અને સર્વ વિરતિધર આત્માઓને હલકા ચિતરવારૂપ છે.નાટકો અને સિનેદશ્યોથી બાળકોમાં કુસંસ્કારો રોપાય છે, જેથી તેમાં ઉચ્ચ ધાર્મિક પાત્રો ન આવવાં જોઈએ, અન્યથા ઘોર આશાતના-પાપરૂપ થાય છે. મર્યાદાવિરુદ્ધ દશ્યો તો ન જ ભજવી શકાય.

પંન્યાસશ્રી રત્નાકરવિજયજી મહારાજા

જો આવી રીતે નાટક-ફિલ્મ આદિ ચાલતા રહ્યા તો પરમાત્માની ઘોર આશાતના થશે. પૂજનીય સાધુ-સાધ્વીજીના વેષનું આ ઘોર ભયંકર અપમાન છે. આપણે સર્વે મળીને તેને બંધ કરવાનો પ્રયાસ સતત કરવાનો છે. જો આપણે આ સંબંધમાં મૌન ધારણ કરી લેશું તો ભવિષ્યમાં મહા અનર્થ સર્જાશે.

ગણિશ્રી યુગભૂષણવિજયજી મહારાજા(પંડિત મહારાજ)

કોઈપણ ધર્મના આદર્શ પુરુષોના પાઠ ભજવવામાં તેમનું ગૌરવ હણાય છે. આ અંગે

પંડિત જવાહરલાલ નેહરુનો પ્રસંગ ટાંકવા જેવો છે કે ગાંધીજીના મૃત્યુ પછી તેમની પાસે રાષ્ટ્રપિતા ગાંધીજીની ફિલ્મ ઉતારવાની વાત આવી તો તેમણે કહેલ કે 'ગાંધીજી જેવી મહાન વિભૂતિનું પાત્ર કોઈ ભજવે તો તે ગાંધીજીની ગરિમાની હાનિ છે.' તેથી નેહરુ જીવતાં કદી ગાંધીજીની ફિલ્મ બની શકી નહીં. જો એક દેશનેતાના ગૌરવનો વિચાર કરાતો હોય તો તેના કરતાં અનેક ગણા ઉચ્ચ આચારવિચારવાળા તે તે ધર્મના આદર્શ મહાપુરુષોના ગૌરવનો પણ યોગ્ય વિચાર અવશ્ય કરવો જોઈએ.

(1) વર્તમાનમાં મહાપુરુષોના પાઠ ભજવનાર વ્યક્તિનું આચારવિચારની દષ્ટિએ સ્તર ઘણું નીચું હોય છે. અરે ! ઘણી વખત તો વ્યસનો અને ચારિત્રહીનતા સુધીની નિકૃષ્ટતા સ્પષ્ટ જોવા મળે છે, જે ઉત્તમપુરુષોના ભારે અવમૂલ્યનનું કારણ બને છે.

(2) કોઈપણ ધર્મના પવિત્ર પુરુષોને તેના પ્રમાણભૂત શાસ્ત્રોથી વિરુદ્ધ વિકૃત રીતે રજૂ કરવાનો કોઈને વાણીસ્વાતંત્ર્યના નામથી પણ અધિકાર નથી. દા. ત. મહમદ પયગંબર કે ઈસુ ખ્રિસ્તીને કુરાન કે બાઈબલની માહિતીથી વિરુદ્ધ રીતે પૂરાવા વિના વિકૃતિપૂર્વક રજૂ કરવા, તે કાયદાની દષ્ટિએ પણ ગુન્હો છે.

(3) પૂર્વના પવિત્ર પુરુષોનું સ્તર ગુણવત્તાની દષ્ટિએ એટલું ઊંચું હોય છે કે આજના અભિનય કરનારા તેમના વિનય, વાણીની મર્યાદાઓ સમજી શકે તે પણ દુર્લભ છે તો અભિનયરૂપે યથાર્થ રજૂ કરવાની ક્ષમતા તો અશક્ય જ છે.

(4) સમાજ સુધારણા એ સામાજિક કાર્યકર્તાઓનો કદાચ વિષય બની શકે પરંતુ ધર્મ સુધારણા એ લેખકો, પત્રકારો, અભિનેતાઓ આદિનો વિષય ન જ બની શકે. ધર્મનું જ્યુરીસ્ડીક્સન સ્વતંત્ર છે. તેમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર રાજ્યને પણ ન હોઈ શકે તો આવા પ્રસાર માધ્યમના વ્યક્તિઓનો તો કયાંથી હોય ? તે તે ધર્મના અનુયાયીઓને પણ ધર્મસુધારણાની ભાવના હોય તો ધર્મગુરુ અને ધર્મક્ષેત્રના આગેવાનોનો સહકાર લઈ યોગ્ય રીતે સુધારણા કરવાનો અધિકાર છે. બાકી ત્રાહિત વ્યક્તિને આવો અધિકાર ન હોવાથી આ અનધિકૃત ચેષ્ટા છે.

(5) જે લોકો ધંધાદારી વ્યવસાયલક્ષી પ્રવૃત્તિરૂપે ધર્મના નાટકો, સિનેમાઓ રજૂ કરે છે, તેઓ હજારો વર્ષથી સ્થપાયેલા અને સમાજમાં સ્વબળથી ટકનારા ધર્મના પવિત્ર આધ્યાત્મિક પ્રતીકોનો વ્યાપારી ઉપયોગ કરે છે. જે તે તે ધર્મના સ્થાપિત અધિકારો પરની તરાપ છે. કારણ કે એક કંપનીના પણ બ્રાન્ડનેમ કે લોગો જો કોઈ અન્ય વ્યક્તિ ધંધાના ઉદ્દેશથી વાપરે તો તે કોપીરાઈટ કે પેટન્ટ રાઈટના કાયદાથી ગુનેગાર ગણાય છે. તો કોઈજાતની સરકારી સબસીડી, ગ્રાન્ટ કે એઈડ વિના બહુદેશીય મલ્ટીનેશનલ માળખા ધરાવનારા ધર્મોના નિયત પ્રતીકોનો ઉપયોગ એક સામાન્ય વ્યક્તિ ધર્મના નાયકોની પરમીશન વિના ધંધાદારી આશયથી કઈ રીતે વાપરી શકે?

## પૂજનીય ગીતાર્થ ગુરુ ભગવંતોના પ્રાપ્ત થયેલા

# સંદેશાઓ

સર્વજ્ઞપ્રણિત શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રીજૈન સંઘમાં જ્યારે જ્યારે કોઇ ગંભીર સમસ્યા પેદા થાય ત્યારે ગીતાર્થ પૂજનીય શ્રમણ ભગવંતોનું માર્ગદર્શન માંગવામાં આવે છે. વર્તમાન કાળમાં ધાર્મિક નાટકો, સિનેમા અને ટીવી સિરિયલો એક પછી એક આવી રહ્યા છે ત્યારે આ બાબતમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના ગીતાર્થ ગુરુ ભગવંતોનું માર્ગદર્શન મેળવવા એક ગીતાર્થ પૂજ્ય આચાર્ય ભગવંતે તમામ સમુદાયોના ગચ્છાધિપતિશ્રીઓને પત્રો લખ્યા હતા અને પૂજનીય ગીતાર્થ આચાર્ય ભગવંતોએ તૈયાર કરેલું એક નિવેદન પણ સહી કરવા મોકલી આપ્યું હતું. જે શ્રમણ ભગવંતોએ આ નિવેદનમાં સહી કરી છે તેની યાદી રજૂ કર્યા પછી અમે અત્રે સ્વતંત્ર રીતે સંદેશા મોકલનાર મહાત્માઓની યાદી પણ અહીં પ્રસ્તુત કરીએ છીએ.

(1) ગચ્છાધિપતિશ્રી વિજયસુશીલસૂરિજી મહારાજા
(2) ગચ્છાધિપતિશ્રી સૂર્યોદયસાગરસૂરિજી મહારાજા
(3) ગચ્છાધિપતિશ્રી સુબોધસાગરસૂરિજી મહારાજા
(4) ગચ્છાધિપતિશ્રી વિજયહેમભૂષણસૂરિજી મહારાજા
(5) ગચ્છાધિપતિશ્રી વિજયચિદાનંદસૂરિજી મહારાજા
(6) ગચ્છાધિપતિશ્રી વિજયરત્નાકરસૂરિજી મહારાજા
(7) ગચ્છાધિપતિશ્રી વિજયકલાપ્રભસૂરિજી મહારાજા
(8) ગચ્છાધિપતિશ્રી પ્રદ્યુમ્નવિમલસૂરિજી મહારાજા
(9) આચાર્યશ્રી વિજયજિનચન્દ્રસૂરિજી મહારાજા
(10) આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મહારાજા
(11) આચાર્યશ્રી વિજયજિનેન્દ્રસૂરિજી મહારાજા
(12) આચાર્યશ્રી વિજયઅશોકરત્નસૂરિજી મહારાજા
(13) આચાર્યશ્રી વિજયઅરવિંદસૂરિજી મહારાજા
(14) આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મહારાજા
(15) આચાર્યશ્રી વિજયહેમચન્દ્રસૂરિજી મહારાજા
(16) આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજા
(17) આચાર્યશ્રી વિજયમુક્તિપ્રભસૂરિજી મહારાજા
(18) આચાર્યશ્રી વિજયકીર્તિયશસૂરિજી મહારાજા
(19) આચાર્યશ્રી વિજયનયવર્ધનસૂરિજી મહારાજા
(20) આચાર્યશ્રી કલાપ્રભસાગરસૂરિજી મહારાજા
(21) પંન્યાસશ્રી રત્નાકરવિજયજી મહારાજા
(22) ગણિશ્રી યુગભૂષણવિજયજી મહારાજા

(ખાસ નોંધ : આ બન્ને યાદીમાં પૂજનીય શ્રમણ ભગવંતોનાં નામોનો ક્રમ અમારા અજ્ઞાનને કારણે જળવાયો ન હોય તો અમને ક્ષમા કરવા વિનંતી છે.)

# પૂજનીય ગીતાર્થ શ્રમણ ભગવંતોના

# માર્મિક સંદેશાઓ

આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી સમુદાયના
ગચ્છાધિપતિશ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મહારાજા

પરમતારક દેવાધિદેવ શ્રી જિનેશ્વર પરમાત્મા કે જિનશાસન કી મૌલિક - પ્રાચીન પરંપરાઓ કે વિપરિત નાટક આદિ પ્રવૃત્તિયાં સે જિનશાસન કી આશાતના હોતી હૈં ।પૂજનીય તીર્થંકર ભગવાન તથા પૂજ્ય સાધુ ભગવંતો આદિ કા વેશ લેના યહ સિદ્ધાન્ત વિરુદ્ધ હૈ। ઈસસે ધર્મ પ્રચાર નહીં હોતા હૈ। ધર્મશ્રદ્ધા સંપન્ન સદ્ગૃહસ્થ - સકલ જૈન સંઘ એસી અનિષ્ટ પ્રવૃત્તિઓં કા વિરોધ કર જિન શાસન પ્રભાવના કી સહી પ્રવૃત્તિઓં મેં ઉદ્યમવંત બનેં। યહ સકલ જૈન સંઘ સે નિવેદન હૈ।

આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી સમુદાયના
ગચ્છાધિપતિશ્રી સૂર્યોદયસાગરસૂરિજી મહારાજા

આવાં નાટકો ખૂબ જ અનુચિત ગણાય. તેનો વિરોધ થવો જ જોઈએ અને તે અટકવું જોઈએ.પ્રભુશાસનની સૂક્ષ્મ શક્તિ સહાયક બને અને સર્જકને સદ્બુદ્ધિ મળે તેવી પ્રભુપ્રાર્થના.

આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી સમુદાયના
ગચ્છાધિપતિશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજા

'અંધી દૌડ' નાટક જૈન સંઘ ઉપર અણછાજતા અઘટીત નિંદનીય આક્ષેપો કરે છે. જન સમાજમાં જૈન સાધુ માટે તેમજ જૈન સંઘમાં વિકૃત સમજ ફેલાવે છે. આ નાટકનો સજ્જડ અને સખત શબ્દોમાં વિરોધ દર્શાવવો જોઈએ. પૂરેપૂરી તાકાતથી નાટક બંધ કરાવવા પ્રયત્નો કરવા જોઈએ. જૈન સંસ્કૃતિ ઉપર અયોગ્ય આક્ષેપો કરે તે તો કોઈપણ સંયોગોમાં ચલાવી લેવાય જ નહીં. સખતમાં સખત રીતે સામનો કરીને નાટકના પ્રચારકોને જવાબ આપવો જોઈએ. તીર્થંકર ભગવંતો તથા સાધુ સાધ્વીજી મહારાજનાં પાત્રો ભજવાય જ નહીં. લોકોત્તર પુરૂષોના પાત્રો ભજવવા એ શાસનની હિલના - અવહેલના - નિંદાપાત્ર અને અતિશય ઘૃણાસ્પદ નિંદનીય કાર્ય છે. અમારો સખ્ત વિરોધ છે.

આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી સમુદાયના
ગચ્છાધિપતિશ્રી વિજયહેમભૂષણસૂરીશ્વરજી મહારાજા

હાલ મુંબઈમાં ચંદનબાળા, કર્મચક્ર, અંધી દૌડ વગેરે નાટકો ભજવવાનું છેલ્લા કેટલાક સમયથી ચાલી રહ્યું છે. મહાપુરૂષોનાં પાત્રો, સાધુનાં પાત્રો, બાલદીક્ષાની મશ્કરી, મંદિરાદિના નિર્માણ માટે વિકૃત રજૂઆતો આદિ અનેક વિગતો તેમાં પરમાત્માના શાસન ઉપર અને તેના પવિત્ર સિદ્ધાંતો ઉપર કુઠરાઘાત કરનારી છે. આવી પ્રવૃત્તિઓ જો

## તીર્થંકર ભગવંતો, મહાત્માઓ અને મહાસતીઓનાં પાત્રો ભજવવા માટેની અપાત્રતા

કહેવાતા ધાર્મિક નાટકોમાં તીર્થંકર પરમાત્માથી લઈ પૂજ્ય શ્રમણ શ્રમણી ભગવંતો પૂર્વના ઉત્કૃષ્ટ સમ્યક્ત્વધારી શ્રાવક શ્રાવિકાઓ, મહાસતીઓ, શાસનસુભટો વગેરેનાં પાત્રો ભજવવા માટે ધંધાદારી રંગભૂમિના રંગરાગમાં રંગાયેલા કલાકારોની જ મદદ લેવામાં આવે છે. આ કલાકારોના પોતાના ચારિત્ર્યના કોઈ ઠેકાણા નથી હોતા. અમુક કલાકારો તો સૂરા અને સુંદરીઓમાં ડૂબેલા હોય છે. આવા ધંધાદારી કલાકારો સ્ટેજ ઉપર તીર્થંકર પરમાત્મા કે જૈન સાધુ-સાધ્વીજી ભગવંતનો વેષ પરિધાન કરીને આવે એ જૈન શાસનની ઘોર આશાતના છે. આ વેષધારીઓ પવિત્ર એવા દેવ અને ગુરુ તત્વનું ભારે અવમૂલ્યન કરનારા હોય છે. અમુક નિર્માતાઓ એવો દાવો કરે છે કે તેમનાં 'ધાર્મિક' નાટકમાં તીર્થંકર પરમાત્મા કે સાધુસાધ્વીજી ભગવંતોનું કોઈ પાત્ર સ્ટેજ ઉપર લાવવામાં આવતું નથી.

જો કે આવાં નાટકોમાં પણ ચંદનબાળાની સાધ્વી બનતા અગાઉની અવસ્થા કે સુલસા જેવી શ્રાવિકા કે શ્રેણિક મહારાજા જેવા નિર્મળ સમ્યગ્દષ્ટિ આત્માને સ્ટેજ ઉપર રજૂ કરવામાં આવે છે. આ મહાપુરૂષો અને મહાસતીઓનાં પાત્રો ભજવનારા કલાકારોમાં તેમના પગની જૂતી બનવા જેટલી પણ પાત્રતા હોતી નથી. વ્યવસાયિક કલાકારોનું સંદેહાત્મક ચારિત્ર્ય આવાં નાટકોને ધર્મના ઉપહાસ સ્વરૂપ બનાવી દે છે.

## ધર્મસુધારણાના નામે ધર્મના પાયા ઉપર જ પ્રહાર કરવામાં આવે છે

અમુક નાટકોનો પાયો પ્રાચીન ધર્મકથાઓ કે મહાસતી-મહાત્માના ચારિત્રો ઉપર નથી રચાયેલો હોતો પણ તેઓ 'ધર્મસુધારણા' કરવાનો દાવો કરે છે અને તેમનાં નાટકોમાં આ પ્રકારનો સંદેશો છૂપાયેલો હોય છે તેવો તેમનો દાવો હોય છે. પહેલી વાત તો એ કે ધર્મના ક્ષેત્રમાં જો ખરેખરાં દૂષણો હોય તો પણ તેને દૂર કરવાનો અધિકાર ધર્મશાસનનું સંચાલન કરતા જૈનાચાર્યો અને ગચ્છાધિપતિઓને છે. કોઈ પણ અપાત્ર વ્યક્તિ આ કાર્ય પોતાના હાથમાં લેવાની ગુસ્તાખી કરી શકે નહીં, તેને તેમ કરવા દેવાય પણ નહીં. આ માટે નાટક જેવા જાહેર માધ્યમનો તો આશરો લઈ શકાય જ નહીં. વળી 'ધર્મસુધારણા' નો દાવો કરતાં આવાં તત્વો હકીકતમાં તો બાળદીક્ષા, દેવદ્રવ્ય, સ્વામીવાત્સલ્ય, જિનમંદિર નિર્માણ વગેરે ધર્મના પ્રાણસ્વરૂપ તત્ત્વો અને આયોજનો માટે ભારોભાર નફરત ધરાવતા હોય છે. તેમની ધર્મશ્રદ્ધા જ ભ્રષ્ટ થઈ ચૂકી હોય છે. એટલે નાટકની કથાવસ્તુ, પટકથા, સંવાદો, સંગીત, અભિનય વગેરે બધું જ ધર્મના પાયા ઉપર પ્રહાર કરનારું હોય છે. આ પ્રકારનાં નાટકો જોનારા

પ્રેક્ષકોના હૃદયમાં પણ ધાર્મિક અનુષ્ઠાનો પ્રત્યે છૂપી નફરત પેદા થાય છે અને તેમની આસ્થા હચમચી ઉઠે છે. આ રીતે લોકોની ધર્મશ્રદ્ધા ખતમ કરવી એ ઘોર ધર્મદ્રોહનું કૃત્ય છે. નાટકના નિર્માતાઓ ખરેખર 'ધર્મસુધારણા' કરવા માંગતા હોય તો તેમણે પોતે પહેલા ધાર્મિક બનવું જોઈએ અને સદ્ગુરુના શરણે જવું જોઈએ.

## નાટકના લેખક, નિર્માતા, દિગ્દર્શક વગેરેને ધર્મના ક્ષેત્રમાં ચંચૂપાત કરવાનો અધિકાર નથી

ધર્મ એક ખૂબ જ સૂક્ષ્મ અને સંવેદનશીલ વિષય છે. તેમાં પણ જૈન ધર્મ તો અત્યંત સૂક્ષ્મ, ગહન અને નાજુક વિષય છે. આવા જટિલ વિષયમાં જાહેરમાં કોઈપણ રજૂઆત કરવાનો અધિકાર તેને જ હોઈ શકે જેણે સદ્ગુરુના શરણે જઈ ધર્મતત્ત્વનો સાંગોપાંગ અભ્યાસ કર્યો હોય. આવો અભ્યાસ કરવા માટે મહાવ્રતધારી ગીતાર્થ ગુરુની નિશ્રામાં આગમોના અગાધ જ્ઞાનને આત્મસાત્ કરવું પડે. આ પ્રકારના નક્કર જ્ઞાન અને શ્રદ્ધા વગર ધર્મ વિશે કોઈપણ વિધાન કરવામાં આવે તો તે અજ્ઞાનપ્રેરિત અને અજ્ઞાનજનક જ હોઈ શકે.

તથાકથિત ધાર્મિક નાટકના લેખક, દિગ્દર્શકને ધાર્મિક વિષયોનું થોડું પણ વાસ્તવિક જ્ઞાન નથી હોતું એટલે તેમની સ્ક્રિપ્ટમાં ધર્મ વિશે ઘણી અધૂરી, અધકચરી, ગેરસમજો પેદા કરનારી, અજ્ઞાન ફેલાવનારી અને ધર્મતત્ત્વને અન્યાય કરતી વિગતો હોય એ સ્વાભાવિક છે. આ પ્રકારની ખામીયુક્ત સ્ક્રિપ્ટના આધારે કહેવાતા ધાર્મિક નાટક ભજવનારાઓ હકીકતમાં ધર્મના મૂળભૂત સિદ્ધાંતો ઉપર જ કુઠારાઘાત કરે છે. આ નાટકો એક આંધળો બીજા આંધળાઓને ખાડામાં નાંખે તેવું પરિણામ નિપજાવનારાં હોય છે.

## અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય વિરુદ્ધ ધાર્મિક ભાવના

ભારતના બંધારણે દરેક વ્યક્તિને મુક્ત અભિવ્યક્તિનો અધિકાર આપેલો છે પણ આ અધિકાર અમર્યાદિત અને બેફામ નથી. આ અધિકારનો ભોગવટો એવી રીતે નથી કરવાનો કે જેથી બંધારણે આપેલા અન્ય અધિકારો પણ જોખમમાં આવી પડે. પોતાના અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકાર દ્વારા અન્ય વ્યક્તિ, સમૂહ કે સંપ્રદાયની ધાર્મિક લાગણી, માન્યતા, શ્રદ્ધા, આસ્થાની ઠેકડી ઉડાડવાનો, ગેરમાર્ગે દોરવાનો કે અપમાન કરવાનો અધિકાર બંધારણે કોઈને આપ્યો નથી. ભૂતકાળમાં જ્યારે પણ કોઈ વ્યક્તિએ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના નામે લેખો દ્વારા, નાટકો દ્વારા કે ફિલ્મો દ્વારા કોઈ વ્યક્તિ કે સમૂહની ધાર્મિક લાગણી સાથે છેડછાડ કરવાનો પ્રયત્ન કર્યો છે, ત્યારે દેશના વહીવટી તંત્રે અને અદાલતોએ હસ્તક્ષેપ કરી આવા પ્રયાસોને નાકામ બનાવ્યા છે.

## અંજનશલાકા વગેરે મહોત્સવોમાં શું નાટક ભજવવામાં નથી આવતું ?

અંજનશલાકા મહોત્સવમાં તીર્થંકર પરમાત્માના કલ્યાણક મહોત્સવની ઉજવણી માટે પરમાત્માનાં જન્મ વગેરેનાં દશ્યો ભજવાય છે, પણ તેમાં ક્યાંય તીર્થંકર પરમાત્માનાં કે શ્રમણશ્રમણીનાં પાત્રને ભજવવામાં નથી આવતું. જે પુણ્યાત્માઓ ઇન્દ્ર-ઇન્દ્રાણી વગેરેની ભૂમિકા ભજવે છે તેમનામા મંત્રોચ્ચાર વડે તે મહાપુરૂષોનું આરોપણ કરવામાં આવ્યું હોય છે. વળી આ પ્રકારના ધાર્મિક મહોત્સવો જ્યાં ઉજવવામાં આવે છે ત્યાં વાતાવરણ પવિત્ર હોય છે, ભૂમિ શુદ્ધ હોય છે, ધૂપદીપ ચાલતા હોય છે અને દરેકના હૈયામાં શુભ ભાવો રમતા હોય છે.

ધાર્મિક મહોત્સવમાં સ્ટેજ ઉપર જે 56 દિક્કુમારી વગેરેની રજૂઆત કરવામાં આવે છે, તેમાં પણ પ્રાયઃ 8-10 વર્ષની મુગ્ધ બાલિકાઓ જ પરમાત્મભક્તિનું નૃત્ય કરતી હોય છે. આ બાલિકાઓનાં વસ્ત્રો પણ પૂર્ણ રીતે સાંસ્કૃતિક મર્યાદાઓનું પાલન કરનારા જ હોય છે. વર્તમાનમાં ભજવાતાં ધંધાદારી તથાકથિત નાટકોની સરખામણી કદાપિ આવા સુવિહિત અનુષ્ઠાનો સાથે કરી શકાય નહીં

પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા જે ધાર્મિક સંવાદો કરવામાં આવે છે તેમાં કોઈ ધંધાદારી દષ્ટિકોણ નથી હોતો. વળી આ સંવાદો ગીતાર્થ ગુરુની નજર નીચેથી પસાર થઈ અનુમતિ પ્રાપ્ત હોય છે. આ સંવાદ કરનારા કલાકારો પાઠશાળાના શ્રદ્ધાસંપન્ન વિદ્યાર્થીઓ હોય છે અને સાત્વિક વાતાવરણમાં જ તે સંવાદ કરવામાં આવે છે, માટે તે ધર્મની હાનિ કરનારાં બનતાં નથી.

પવિત્ર ઉજવણીના આ સ્થાનોમાં કોઈ પણ જાતના વ્યસનસેવન કે ખાણીપીણીને અવકાશ જ ન હોય. અહીં આવવા માટે પગરખાં બહાર ઊતારવાં પડતાં હોય અને સ્ત્રી-પુરૂષના બેસવાની વ્યવસ્થા પણ અલગ જ હોય છે. ધાર્મિક સ્થળોમાં જ્યારે નાટક કે સંવાદો ભજવાય ત્યારે આટલી મર્યાદા સ્વાભાવિક રીતે પળાતી જ હોય છે.

## રાવણે નાટક કરી તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હતું તેનું શું ?

લંકાનો રાજા રાવણ એક સમ્યગ્દષ્ટિ આત્મા હતો. રાવણે પોતાની પટરાણી મંદોદરી સાથે અષ્ટાપદ તીર્થમાં ભગવાનની ભક્તિની અભિવ્યક્તિ માટે ઉત્કટ ભાવો સાથે નાટક કર્યું હતું અને આ ભાવોને કારણે તેણે તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હતું, તેવો ઉલ્લેખ શાસ્ત્રોમાં આવે છે. આ ઉલ્લેખનો આધાર લઈને વર્તમાનમાં ચાલતાં તથાકથિત ધાર્મિક નાટક માટે અનુમતિ આપી શકાય નહીં. અષ્ટાપદ ગિરિ ઉપર

રાવણ અને મંદોદરીએ જે નાટક કર્યું તેનું પ્રયોજન પરમાત્મભક્તિ દ્વારા આત્મરંજન કરવાનું હતું. લોકોનું મનોરંજન કરવાનું નહીં.

સંગીત, નાટક, નૃત્ય વગેરે માધ્યમો જો સમ્યગ્દષ્ટિ ધર્માત્માના હાથમાં આવે તો તે મોક્ષપ્રાપ્તિનું સાધન બની શકે છે. અને સ્વાર્થી, ધંધાદારી અને મિથ્યાદષ્ટિ તત્ત્વોના હાથમાં આવે તો તેનો દુરુપયોગ કરનારાં તત્ત્વો નર્કગામી પણ બને છે. વર્તમાન કાળમાં ધાર્મિક કહેવાતા નાટકોની જે પ્રવૃત્તિ ચાલી રહી છે તેમાં મોક્ષ પ્રાપ્ત કરવાનો, ધર્મમય જીવન ગાળવાનો કે શ્રદ્ધાસંપન્ન બનવા-બનાવવાનો કોઈ હેતુ દષ્ટિગોચર થતો નથી. આ નાટકોનો એકમાત્ર હેતુ લોકોનું સસ્તું મનોરંજન (જે હકીકતમાં મનોભંજન હોય છે) કરવાનો અને સસ્તી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી રૂપિયા રળવાનો હોય છે.

## કોઈ સ્થળે તથાકથિત ધાર્મિક નાટક ભજવાતું હોય તો શું કરવું ?

કોઈ પણ ધર્મપ્રેમી આત્માને જાણ થાય કે કોઈ સ્થળે ધર્મના ઓઠાં હેઠળ ધર્મને હાનિ પહોંચાડતું ધાર્મિક નાટક ભજવાઈ રહ્યું છે તો સર્વપ્રથમ સ્થાનિક સંઘમાં બિરાજમાન પૂજ્ય ગુરુ ભગવંતને અને શ્રી સંઘના અગ્રણીઓને તેની જાણ કરવી.ગંભીર શ્રાવકોનું એક પ્રતિનિધિમંડળ લઈ આ નાટકના નિર્માતાને મળી તે નાટક નહીં ભજવવા માટે સમજાવવા. તેઓ શ્રાવકોની વાત સ્વીકારવા તૈયાર ન હોય તો તેમને ગુરુભગવંતને મળવાની પ્રેરણા કરી જ્ઞાની ગુરુભગવંત દ્વારા તેમને સમજાવવાની કોશિષ કરવી. નાટકના નિર્માતા સમજાવટ અને મિત્રતાને માન ન આપે તો જે હોલમાં નાટક ભજવવાનું નક્કી થયું હોય તેના માલિક/મેનેજરને મળી આ નાટકનો શો રદ્દ કરવા સમજાવવા. તેમ કરવાથી પણ નાટક ન અટકે તો સ્થાનિક પોલિસ સ્ટેશનના વરિષ્ઠ અધિકારીને સમૂહમાં મળી આ ધાર્મિક લાગણીને દૂભાવતા નાટકને અટકાવવા માટે લેખિત અરજી આપવી. આ કાર્યમાં સ્થાનિક નગરસેવક, ધારાસભ્ય, સંસદસભ્ય, પ્રધાનશ્રી વગેરેનો પણ સાથ લેવો. સ્થાનિક અદાલતમાંથી નાટક સામે ઈન્જંક્શન મેળવવાની કોશિષ કરવી. જો કોઈ કારણે આ પ્રકારે નાટકનો શો અટકાવવામાં સફળતા ન મળે તો નાટકની શક્ય એટલી વધુ ટિકિટો ધર્મી વર્ગે ખરીદી લઈ સભાગૃહમાં અહિંસક વિરોધ કરવો. નાટકના સ્થળે મોટી સંખ્યામાં મોરચો લઈ જઈ, શાંત ધરણા અને સત્યાગ્રહ કરી નાટક રોકવું. ધર્મશાસનને નુકસાન પહોંચાડતી આવી કોઈપણ અનિષ્ટ પ્રવૃત્તિ અટકાવવી એ પ્રત્યેક ધર્માત્માનું કર્તવ્ય છે.

આજથી આશરે 25 વર્ષ અગાઉ અમદાવાદમાં નેમ-રાજુલની નૃત્યનાટિકા ભજવાવાની હતી ત્યારે જૈન શ્રદ્ધાળુઓની ધાર્મિક લાગણી દુભાતી હોવાથી તત્કાલીન પોલીસ કમિશનર જસપાલ સિંહે આ નાટક બંધ કરવાનો આદેશ બહાર પાડ્યો હતો. આવી જ રીતે જિસસ ક્રાઈસ્ટ વિશેના એક વિવાદાસ્પદ નાટકને કારણે ખ્રિસ્તી ધર્મસમૂહની લાગણી દુભાતી હોવાથી કોર્ટે ભારતમાં આ નાટક ભજવવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો.

સલમાન રશ્દી નામના લેખકના એક પુસ્તકને કારણે મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાતી હોવાથી ભારત સહિતના અનેક દેશોમાં આ પુસ્તકના વેચાણને પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. ગાંધીજી વિશેના અપમાનજનક નિવેદન બદલ એક લોકપ્રિય ટી. વી. કાર્યક્રમ કાયમ માટે બંધ કરવામાં આવ્યો હતો. આ રીતે ધાર્મિક લાગણીની બાબતમાં કોઈ બાંધછોડને અવકાશ હોતો નથી.

## ધાર્મિક કહેવાતું નાટક પણ હકીકતમાં વિકારપોષક જ બની રહે છે

આ દુનિયામાં ભાગ્યે જ એવાં કોઈ નાટકો ભજવાતાં હશે, જેમાં એક પણ સ્ત્રીપાત્ર ન હોય. જૂના જમાનામાં ગુજરાતી રંગભૂમિ ઉપર જે નાટકો ભજવાતાં હતાં તેમાં સ્ત્રીની ભૂમિકા પુરૂષ કલાકારો જ ભજવતાં, કારણ કે એ જમાનામાં કોઈ ખાનદાન પરિવારની મહિલાઓ નાટકમાં કામ કરવા માટે તૈયાર નહોતી થતી. આ પુરૂષ કલાકારો જ્યારે સ્ત્રીના વસ્ત્રો ધારણ કરી અને ઉત્તેજક શૃંગાર કરી સ્ટેજ ઉપર આવતા ત્યારે તેમને જોઈને પણ પુરૂષ પ્રેક્ષકોની વિષયવાસના ભડકી ઉઠતી અને તેઓ સિસોટીઓ વગાડી તેમનું સ્વાગત કરતા. જો સ્ત્રી વેષધારી પુરૂષ કલાકારો પણ આટલો વિકાર જન્માવી શકે તો સ્ત્રી કલાકારની હાજરીથી કોઈ પુરૂષને વિકાર પેદા ન થાય એ અસંભવ છે.

ધર્મશાસ્ત્રોમાં સ્પષ્ટ ફરમાવવામાં આવ્યું છે કે સ્ત્રી તરફ વિકારભરી નજરે કદી જોવું નહીં. નાટ્યગૃહના અંધકારભર્યા વાતાવરણમાં સ્ત્રી કલાકાર જ્યારે સોળે શણગાર સજી સ્ટેજ ઉપર આવે છે ત્યારે તેના શરીરના દર્શન દ્વારા, તેના અંગભંગ દ્વારા, તેના હાવભાવ દ્વારા અને તેના કર્ણમધુર અવાજ દ્વારા સભાગૃહમાં બેઠેલા પ્રેક્ષકોને મનમાં વિકારભાવ પેદા ન થાય એ અસંભવ બાબત છે. ધાર્મિક નાટકના નામે આ રીતે લોકોના વિકારને પોષી રૂપિયા કમાવાનો ઉદ્યમ ચલાવી ન લેવાય. સ્ત્રીત્વની ગરિમાના રક્ષણ માટે પણ આ પ્રવૃત્તિ બંધ થવી જોઈએ.

## નાટ્યગૃહનું વાતાવરણ જ માદક અને વિકારપોષક હોય છે

જે નાટ્યગૃહમાં તથાકથિત ધાર્મિક નાટક ભજવવાનો દાવો કરવામાં આવે છે તેમાં પણ અગાઉ અનેક સેક્સ, હિંસા, મારધાડ અને વિકૃતિઓને પ્રોત્સાહન આપતા નાટકો ભજવાઈ ચૂક્યા હોય છે. આજકાલ રંગભૂમિ ઉપર દ્વિઅર્થી સંવાદો ધરાવતા બિભત્સ નાટકોની ભરમાર જોવા મળે છે. જે ઓડિટોરિયમમાં સતત આ પ્રકારનાં જ નાટકો ભજવાતાં હોય તેનું વાયુમંડળ પણ ખરાબ સંવેદનોથી દૂષિત થએલું જોવા મળે છે. આવાં સભાગૃહમાં ખરેખર ધાર્મિક ભાવનાને પોષણ આપતું હોય તેવું કોઈ નાટક હોય તો તે પણ ભજવવું ઈચ્છનીય નથી કારણ કે ત્યાંના વાયુમંડળની અસર જ પ્રેક્ષકોમાં અસાત્ત્વિક ભાવો જગાડનારી હોય છે.

કહેવાતાં ધાર્મિક નાટકો જયાં ભજવાતા હોય છે ત્યાં ધર્મસ્થાનોમાં જોવા મળતા શુદ્ધિના કોઈ નિયમો સચવાતા નથી. પ્રેક્ષકો જૂતાં પહેરીને જ આ નાટકની મજા માણતા હોય છે. સ્ત્રીઓ માસિક ધર્મમાં હોય તો પણ તેમને અટકાવી શકાતી નથી. ઓડિટોરિયમમાં ભક્ષ્ય કે અભક્ષ્ય ખાનપાન ઉપર કોઈ પ્રતિબંધ નથી હોતો. અહીં પતિપત્ની કે પ્રેમીપ્રેમિકા એકબીજાને અનિચ્છનીય રીતે સ્પર્શ કરીને પણ નાટક જોઈ શકે છે. સ્ત્રીઓ અને પુરૂષો માટે અલગ બેઠક વ્યવસ્થા નથી હોતી. ઉદ્‌ભટ વેષ ઉપર પ્રતિબંધ નથી હોતો. આવા વિલાસપ્રચુર વાતાવરણમાં ધાર્મિક નાટક ભજવીને હકીકતમાં ધર્મનું જ અવમૂલ્યન કરવામાં આવે છે.

## શ્રાવક શ્રાવિકાઓ નાટકચેટક જોઈ અનર્થદંડના પાપના ભાગીદાર બને છે

જૈન ધર્મનું પાલન કરતા ગૃહસ્થોએ શ્રાવકનાં જે 12 વ્રતો યથાશક્તિ લેવાના હોય છે, તેમાં આઠમાં નંબરનું વ્રત અનર્થદંડ વિરમણ નામે છે. શ્રાવકો જે અર્થકામની પ્રવૃત્તિ કોઈ પ્રયોજન વિના કરે તેને અનર્થદંડ કહેવામાં આવે છે. કલિકાલસર્વજ્ઞ જૈનાચાર્યશ્રી હેમચન્દ્રાચાર્યે રચેલા યોગશાસ્ત્ર (પ્ર. 3, 78 થી 80) ગ્રંથમાં કહ્યું છે કે, 'કૂતુહલથી ગીત, નૃત્ય, નાટક વગેરે જોવાં, કામશાસ્ત્રમાં આસક્તિ રાખવી, કામવૃત્તિને ઉત્તેજિત કરનારા પુસ્તકોનું વારંવાર અવગાહન કરવું ઈત્યાદિ પ્રમાદનાં આચરણો સદ્‌બુદ્ધિવાળાએ પરિહરવાં જોઈએ.'

જૈન શ્રાવકો પક્ખી, ચોમાસી અને સંવત્સરીએ જે અતિચાર બોલે છે, તેમાં એક પાપ 'નાટક-પ્રેક્ષણક જોયાં' તરીકે વર્ણવવામાં આવ્યું છે. શ્રાવકના અતિચારમાં જે 'કુક્કુઈએ' શબ્દ છે, તેનો અર્થ 'કૌત્કુચ્ય' એવો થાય છે. કૌત્કુચ્ય એટલે નેત્રાદિકના વિકારપૂર્વકની હાસ્ય ઉત્પન્ન કરનારી વિકૃત ચેષ્ટા. આવી અનેક ચેષ્ટાઓ ધાર્મિક

કહેવાતાં નાટકમાં પણ ઠાંસી ઠાંસીને ભરેલી હોય છે, જે શ્રાવક માટે અતિચાર છે. કૌત્કુચ્યમાં ઉપચારથી લોકોને હાસ્ય ઉત્પન્ન થાય તેવા સંવાદો બોલવા, હાવભાવ કરવા અને ચેનચાળા કરવા વગેરેનો પણ સમાવેશ થાય છે. ધાર્મિક કહેવાતાં નાટકો જોઈને પણ પ્રેક્ષકોના મનમાં જે કામ, ક્રોધ, આસક્તિ, લોભ, મોહ વગેરે અપ્રશસ્ત દુર્ભાવો પેદા થાય છે તે પણ શ્રાવક માટે અતિચાર સ્વરૂપ છે. આવાં નાટકો જોઈને તેઓ કંઈ લેવાદેવા વગર પાપકર્મ બાંધે છે. ધર્મગ્રંથોમાં શ્રાવકોને જ્યારે નાટક-પ્રેક્ષણક જોવાની જ મનાઈ ફરમાવવામાં આવી હોય ત્યારે તેને ભજવવાની છૂટ ન હોય તે પણ સ્વાભાવિક છે.

## જૈન શાસ્ત્રોમાં પણ 'નાટક'નો ઉલ્લેખ આવે છે, તેનું શું ?

જૈન ધર્મગ્રંથોમાં જે 'નાટક'ની વાત આવે છે તે નાટકના સ્વરૂપમાં અને વર્તમાનમાં રંગભૂમિ ઉપર નાટકના નામે થતા તમાશાઓમાં આસમાન-જમીનનું અંતર છે. રાયપસેણીય નામના આગમ ગ્રંથમાં સૂર્યાભદેવે અને અન્ય આગમોમાં પણ તામલી તાપસમાંથી ઈશાનેન્દ્ર બનેલા દેવે તીર્થંકર પરમાત્મા સમક્ષ બત્રીસબદ્ધ નાટકો કર્યાનો ઉલ્લેખ છે. પરંતુ આ નાટક ગીત, સંગીત અને નૃત્યરૂપે પ્રભુભક્તિના સ્વરૂપમાં હતું. તેમાં કોઈ કથાના પ્રસંગો કે સંવાદો નહોતા, પણ માત્ર પ્રભુભક્તિ દર્શાવતા અભિનય અને હાવભાવ જ હતા. વળી આ નાટકનો ઉદ્દેશ પણ ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિની અભિવ્યક્તિનો હતો. તેની સરખામણી વર્તમાનના ધંધાદારી તમાશાઓ સાથે કરી શકાય નહીં.

## જૈન શાસ્ત્રોમાં ક્યાંય નાટક ભજવવાની વાત નથી

વિદ્વાનો જેને પાંચ હજાર વર્ષ જૂનું માને છે તે નાટ્યશાસ્ત્રમાં પણ સ્ત્રીના અંગોપાંગ દર્શાવવા વગેરે ચેષ્ટાઓ નાટકમાં કરવાનો સ્પષ્ટ નિષેધ કરવામાં આવ્યો છે. પૂર્વના પ્રભાવક જૈનાચાર્યોએ નાટ્યગ્રંથો લખ્યા છે તે બધાં ભજવવા માટે નથી લખ્યા પણ સાહિત્યના પ્રકાર તરીકે મુખ્યત્વે વાંચવા માટે અને વૈરાગ્ય રસમાં પ્લાવિત થવા માટે લખ્યાં છે. ભૂતકાળમાં ક્યાંક પૂર્વાચાર્યોએ લખેલાં નાટકો ભજવાયાના પણ દાખલાઓ છે, પણ તે કાળ અલગ હતો. આજના વિલાસના યુગમાં તો આવાં નાટકો ભજવવામાં લાભ કરતાં હાનિ જ વધુ જણાય છે. શાસ્ત્રોમાં મહાત્મા-મહાસતીઓના જીવનનું સ્મરણ કરવાની અને તેમના ગુણોનું અનુસરણ કરવાની આજ્ઞા છે. તેમના જીવનપ્રસંગોનું નાટક ભજવવાની ક્યાંય આજ્ઞા નથી. આ રીતે જૈન શાસ્ત્રોમાં ક્યાંય આજનાં પ્રકારનાં નાટકોને સમર્થન મળતું નથી.

# ધંધાદારી ધાર્મિક નાટકો ધર્મવિરુદ્ધ જ હોય છે: કહેવાતાં ધાર્મિક નાટકો ભજવાય નહીં અને જોવાય પણ નહીં

વર્તમાનકાળમાં ધંધાદારી રંગભૂમિ પર ભજવાતાં જૈન ધર્મના પાયાને સ્પર્શતા કહેવાતાં ધાર્મિક નાટકોને કારણે મોટો વિવાદ ચાલી રહ્યો છે. કોઈ નાટકો જૈન ઈતિહાસનાં પાત્રોને કલાત્મક રીતે રંગમંચ ઉપર રજૂ કરવાનો દાવો કરે છે તો કોઈ નાટકોમાં સમાજ સુધારણાનાં ઓઠાં હેઠળ જૈન ધર્મના સુવિહિત અનુષ્ઠાનો અને વિશ્વકલ્યાણકર શ્રમણ સંસ્થા ઉપર પ્રહારો કરવામાં આવે છે. આ રીતે ભજવાતાં તમામ ધંધાદારી નાટકો કઇ રીતે જૈન શાસનને જબરદસ્ત હાનિ કરનારા છે, તેનું વિવરણ અહીં સુવિહિત જૈનાચાર્યોના માર્ગદર્શનપૂર્વક કરવામાં આવ્યું છે.

## ધંધાદારી નાટકોમાં ધાર્મિકતા ? અસંભવ !

જે નિર્માતા, દિગ્દર્શક અને કલાકારો નફો રળવાના આશયથી ધાર્મિક નાટક તૈયાર કરવાનો દાવો કરે છે તેઓ પાયામાંથી જ ધર્મવિરુદ્ધ પ્રવૃત્તિ કરી રહ્યા છે. ધર્મની કોઈપણ પ્રવૃત્તિમાં કેવળ પરોપકાર અને પરમાર્થની ભાવના જ હોવી જોઈએ. જે પ્રવૃત્તિમાં કેન્દ્રસ્થાને સ્વાર્થ અને ધંધાદારી હિતો હોય છે તે પ્રવૃત્તિ કદી ધર્મપોષક હોઈ શકે જ નહીં, પણ ધર્મના સામ્રાજ્યને હાનિ પહોંચાડનારી જ હોય.

ધંધાદારી રંગભૂમિ ઉપર જે તથાકથિત ધાર્મિક નાટકો ભજવાય છે, તેને ધંધાદારી રીતે સફળ બનાવવા માટે તેમાં અનિવાર્યપણે 'મનોરંજન'નું તત્ત્વ ઉમેરવું પડે છે. જો ધર્મનો ઉપદેશ પણ મનોરંજનના હેતુથી કરવામાં આવે તો તે અધાર્મિક પ્રવૃત્તિ બની જાય છે. વળી જે કલાકારો મહેનતાણું મેળવવા માટે અભિનય કરતા હોય તેઓ ક્યારેય પ્રેક્ષકોમાં વિશુદ્ધ વૈરાગ્ય અને પરોપકારના ભાવો પેદા કરી શકે નહીં.

કહેવાતા ધાર્મિક નાટકના નિર્માતા અને ફાઈનાન્સરની નજર હંમેશા બોક્સ ઓફિસ ઉપર જ રહેતી હોય છે. નાટક જો આર્થિક રીતે ફ્લોપ જાય તો તેને ચલાવી શકાય જ નહીં. અને નાટકને બોક્સ ઓફિસ ઉપર 'હિટ' બનાવવા માટે તેમાં ધર્મ સાથે જેને સ્નાન સૂતકનોય સંબંધ ન હોય તેવા રમૂજ, સસ્પેન્સ, થ્રિલ, હિંસા, શૃંગાર વગેરે તત્વો ઉમરેવાં પડે છે. આવા પ્રસંગો ધર્મભાવના ઉપર પ્રહાર કરનારા જ હોય છે. જે નિર્માતાનું લક્ષ્ય પૈસો હોય તે ધર્મને વફાદાર રહી શકે જ નહીં. આ કારણે ધંધાદારી ધાર્મિક નાટકો ધર્મની ઘોર ખોદનારા જ બની રહે છે.

ભજવવાને પ્રશ્ને મોટો વિવાદ થયો અને 'ભગવાન વર્ધમાન મહાવીર' નામની નૃત્યનાટિકા ભજવાઇ તેને કારણે આ ગંભીર પ્રશ્ને વાસ્તવિક પરિસ્થિતિ શી હોવી જોઇએ તે બાબતમાં અનેક શાસનપ્રેમીઓના મનમાં ઊંડું મનોમંથન પેદા થયું.

કોઈ નાસ્તિકો ધર્મની ઠેકડી ઉડાડવાના મલિન ઈરાદાથી કે કોઈ શ્રદ્ધાળુ જૈન ધર્મની પ્રભાવના કરવાના શુભ ઈરાદાથી પણ આ માધ્યમોનો ઉપયોગ કરે, ત્યારે તેમાં ક્યાં ક્યાં ભયસ્થાનો પડેલાં હોય છે તે બાબતમાં આ પુસ્તિકાના પ્રકાશકોને જૈન શાસનની ધુરાના વાહક અનેક ગીતાર્થ આચાર્ય ભગવંતો, પંન્યાસ ભગવંતો, ગણિ ભગવંતો અને મુનિ મહારાજાઓ પાસેથી જે માર્ગદર્શન મળ્યું, તેનું સંકલન આ પુસ્તિકામાં કરવામાં આવ્યું છે.

પરમાત્માના શાસનના કોઇ પણ પદાર્થને નાટક, સિનેમા, ટીવી કે વિડિયોના માધ્યમથી રજૂ કરવા કે જોવા માંગતા દરેક પુણ્યાત્માઓને આથી નમ્ર વિનંતી છે કે આ પુસ્તિકાનો સાંગોપાંગ અભ્યાસ કરીને આવી પ્રવૃત્તિઓના ભયસ્થાનો જાણી લે અને વીતરાગ પરમાત્માના શાસનની અવહેલનાના ભયંકર દોષમાંથી પોતાના આત્માને બચાવી લે. શાસનરસિક ધર્મશ્રદ્ધાળુ અને ધર્મની ખુમારી ધરાવતા સૌકોઈ આત્માઓને નમ્ર વિનંતી કે આ પુસ્તિકામાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે, તેવી અનિષ્ટ પ્રવૃત્તિ દુનિયાના કોઈ પણ ખૂણે ચાલતી હોય તો તેનો પ્રતિકાર કરવો એ પોતાની ફરજ સમજી, પોતાનું સત્ત્વ ફોરવી આ પ્રવૃત્તિ અટકાવવાની કોશિષ કરે.

સકળ શ્રીસંઘના ધર્મપ્રેમી સાધર્મિક ભાઇબહેનોને ખાસ નિવેદન કે કહેવાતા ધાર્મિક નાટકો, સિરિયલો, ટીવી કાર્યક્રમો, ફિલ્મો, વિડિયો સીડીઓ પ્રત્યે જૈન ધર્મમાં આસ્થા ધરાવતા શ્રાવકશ્રાવિકાનો અભિગમ કેવો હોવો જોઇએ, તેનું અત્યંત સ્પષ્ટ અને પ્રેરણાદાયક માર્ગદર્શન આપણને નમસ્કાર મહામંત્રમાં તૃતીય સ્થાને બિરાજમાન પૂજ્યપાદ આચાર્ય ભગવંતોએ આપ્યું છે. આપણી જવાબદારી આ માર્ગદર્શનને તેમની આજ્ઞા સમજી તેનો અમલ કરવાની છે. આ પ્રકારની અનિષ્ટ પ્રવૃત્તિઓ ક્યાંય ચાલતી હોય અને આપણે છતી શક્તિએ તેને રોકવાનો પ્રયત્ન ન કરીએ તો આપણે પણ શાસનહીલનાના પાપમાં ભાગીદાર બનીએ છીએ, એ વાત ભૂલવા જેવી નથી. પ્રાંતે આ પુસ્તિકામાં શ્રી સર્વજ્ઞ ભગવંતોનાં વચનોથી કંઇ વિપરિત લખાઇ ગયું હોય તો મન, વચન, કાયાથી મિચ્છા મિ દુક્કડમ !

<u>લિ. શ્રી સંઘસેવક</u>

<u>સંજય કાન્તિલાલ વોરા</u>

## ખરેખરું ધાર્મિક નાટક ભજવવું હોય તો આટલી શરતો અવશ્ય પાળો

(1) આ ધાર્મિક નાટકની કથા, પટકથા અને સંવાદો તૈયાર કરી તેને સાદ્યંત કોઈ ગીતાર્થ જૈનાચાર્ય ભગવંતને સુધારવા માટે આપવા જોઈએ. તેઓ નાનામાં નાના જે કોઈ સુધારા સૂચવે તેનો પૂરેપૂરો અમલ થવો જોઈએ.

(2) ધાર્મિક નાટક ક્યારેય ધંધાદારી રીતે ભજવવું જોઈએ નહીં. આ નાટક માટે કોઈ ટિકિટ રાખવી જોઈએ નહીં અને તેમાં કામ કરતા કલાકારો સેવાભાવી જ હોવા જોઈએ. આ નાટકના નિર્માતા, દિગ્દર્શક, સંગીતકાર વગેરેએ પણ કોઈ આર્થિક વળતરની અપેક્ષા રાખવી ન જોઈએ પણ કેવળ લોકોની ધર્મભાવના જાગ્રત કરવાના ઉમદા હેતુથી જ આ નાટક ભજવવું જોઈએ.

(3) નાટકના પ્રયોગો ધંધાદારી ઓડિટોરિયમમાં નહીં પણ કોઈ પવિત્ર ભૂમિમાં થવા જોઈએ, જ્યાં તમામ પ્રકારની શુદ્ધિઓ સાચવી શકાય.

(4) નાટકમાં તીર્થંકર પરમાત્મા કે શ્રમણશ્રમણી ભગવંતોના પાત્રો હોવા જોઈએ નહીં.

(5) નાટકમાં એક પણ યુવાન સ્ત્રી પાત્ર હોવું જોઈએ નહીં.

(6) જે પુરૂષ પાત્રો હોય તેઓ પણ અતિશ્રદ્ધાળુ અને શક્ય હોય તો બાર વ્રતધારી શ્રાવક હોવા જોઈએ અને સમાજમાં તેમની છાપ ઉત્તમ સદાચારી તરીકેની હોવી જોઈએ.

(7) નાટકમાં સ્ત્રીઓ અને પુરૂષો માટે બેસવાની અલગ વ્યવસ્થા હોવી જોઈએ અને ઉદ્‌ભટ પહેરવેષ સાથે પ્રવેશ આપવો જોઈએ નહીં.

(8) નાટક જોતી વખતે ખાણીપીણી ઉપર પણ સંપૂર્ણ પ્રતિબંધ હોવો જોઈએ. પ્રેક્ષકોએ પગરખાં ઉતારીને જ નાટક જોવું જોઈએ.

(9)નાટકની ભજવણી દિવસે જ થવી જોઈએ.

(10) નાટકમાં બેઠકવ્યવસ્થા ભારતીય પદ્ધતિની જ હોવી જોઈએ.

(11) હોલમાં એ. સી. કે પંખા ન હોવા જોઈએ.

(12) નાટકમાં ઈન્ટરવલ ન હોવો જોઈએ અને જો હોય તો ઈન્ટરવલમાં ખાણીપીણીની કોઈ વ્યવસ્થા હોવી જોઈએ નહીં. ઈન્ટરવલમાં માત્ર પીવાના પાણીની સગવડ આપી શકાય.

(13) માસિક ધર્મમાં રહેલી બહેનો નાટકના હોલમાં પ્રવેશ ન કરી શકે તેની કડકમાં કડક તકેદારી રાખવી જોઈએ.

(14) નાટકનાં કોઈપણ પાત્રનો પહેરવેશ ઉદ્‌ભટ ન હોવો જોઈએ અને પશ્ચિમી સભ્યતાનો પોષાક ન હોવો જોઈએ.

(15) નાટકની કોઈ અખબારમાં કે પ્રસાર માધ્યમમાં જાહેરાત ન આપવી જોઈએ.

(16) નાટકમાં તુચ્છ મનોરંજનનું તત્ત્વ બિલકુલ ન હોવું જોઈએ પણ વૈરાગ્યરસ અને ભક્તિરસ જ મુખ્ય હોવા જોઈએ.

# શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ જગડુશાહનું નાટક બંધ રખાવ્યું

ભારતભરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ધાર્મિક નાટકો બાબતમાં કેવો અભિગમ ધરાવે છે, તેનો ખ્યાલ આજથી આશરે ત્રેપન વર્ષ અગાઉ બનેલી એક ઘટના ઉપરથી આવે છે.

ઈ.સ. 1951ના સપ્ટેમ્બર મહિનાની 30 તારીખે કોલકતામાં દાનવીર જગડુશાહ શેઠનું નાટક ભજવાવાનું હતું. શ્રી સંઘમાં આ કૃત્ય સામે ઘણાનો વિરોધ હતો પણ નાટકની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી એટલે કેટલાક ધર્મપ્રેમી શ્રાવકોએ અમદાવાદ ખાતે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આ વાતની ખબર આપી હતી. શેઠ આણંદજી કલ્યાણજી તરફથી નાટક બંધ રખાવવા નીચે મુજબના લખાણનો તાર આવ્યો હતોઃ

'અમને એ જાણીને ખૂબ જ આશ્ચર્ય અને દિલગિરી થાય છે કે મહાવીર જૈન મિત્ર મંડળ તરફથી જગડુશાહનું નાટક ભજવાવાનું છે. આવાં નાટકોથી જૈનોની ધાર્મિક લાગણી દુભાતી હોવાથી જૈનેતરો પણ જો તે ભજવે તો તેનો તીવ્ર વિરોધ કરવામાં આવે છે. અને ભૂતકાળમાં આપણે તેમને આ પ્રકારનાં નાટકો ભજવતાં અટકાવ્યા પણ છે. આ કારણે અમે આ નાટકનો ઉગ્ર વિરોધ કરીએ છીએ અને તેને તાત્કાલિક રદ્દ કરવાની વિનંતી કરીએ છીએ.'

શેઠ આણંદજી કલ્યાણજી તરફથી આવેલા વિરોધના આ તારની જોરદાર અસર થઈ અને જગડુશાહનું નાટક રદ્દ કરવામાં આવ્યું.